સાલ : ૧૬ / સિલસિલાવાર નંબર : ૧૪૭ / શુમારો : ૩ કુલ પાના - ૧૬

مشكوة الهادي
MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદિલ ઉલા - જુમાદિલ ઉખરા ૧૪૪૦ / જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૧૯

# કલેજાના ટુકડા

ખત્મુલ મુરસલીન, શાફેઉલ મુઝનેબીન, મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "ફાતેમા મારા કલેજાના ટુકડા છે. જે શખ્સ ફાતેમાને નારાઝ કરે, ગુસ્સેદાર કરે, તો જાણે મને ગુસ્સેદાર કીધો અને કોઈ ફાતેમાને ઈઝા દે તો જાણે મને ઈઝા દીધી મુજબ છે. મને ઈઝા દેનાર જાણે ખુદાતઆલાને ઈઝા દીધી મુજબ છે." મૌ. ફાતેમતુઝ્ઝહેરા (અ.સ.) ની મોહબ્બત અને નફરતની ઈન્તેહા રસૂલુલ્લાહ બાવાજીના આ કૌલથી સાબિત થાય છે. આપનો મહિબ્બ તે ખુદાઓ રસૂલનો મોહિબ્બ અને આપનો મુન્કિર તે ખુદાઓ રસૂલનો દુશ્મન. આપની મોહબ્બતથી જ ખુદાઓ રસૂલની રઝામંદી હાસિલ થઈ શકે છે. રસૂલુલ્લાહ બાવાજીના ઈન્તેકાલ બાદ આપ ૭૦ અય્યામ આ દુનિયામાં રહ્યા અને આ દૌરાન આપને તકલીફ-ઈઝા પહોંચાડનાર અને આજે એવા લોગોને પોતાના રઈસ માનનારના ઈમાનો અમલનો શું હાલ! ખુદાના ગૈઝો ગઝબના સબબ તેઓનું ઈમાન ઝાયેઅ છે અને અમલ ધૂલ છે.

અબ્દુલ્લાહ બિન હસનથી બયાન છે કે, "એક દિન રસૂલુલ્લાહ બાવાજી માઁ ફાતેમાના મકાન પર તશરીફ લઈ ગયા. આપે ફરમાવું કે, અય ફાતેમા! જે કઈ ઘરમાં હાઝિર હોય તે પૈશ કરો. મૌ. ફાતેમા ખચકાયા કે, સુખી અને કડક રોટલી બાવાજીને જમવામાં કેમ અપાય? રસૂલુલ્લાહ બાવાજીએ ફરમાવું કે, અય ફાતેમા! ભુખ ખૂબ લાગી છે, જે પણ કઈ હોય તે લાવીને મૂકો. માઁ ફાતેમાએ તે સુખી રોટલી આપના નઝદીક મુકી. આપ તેને ઈત્મિનાનથી જમા અને ફરમાવું કે, **ત્રણ દિનના ફાકા બાદ આજે રોટલીનો એક ટુકડો નસીબ થયો છે**, ખુદા તમારા ઉપર રહમત કરજો. માઁ ફાતેમા બાવાજી સાહેબના સખુન સાંભલીને રોવા લાગા. રસૂલુલ્લાહ બાવાજીએ ખુદાનો શુક્ર કરતા માઁ ફાતેમાના ચહેરા મુબારક પર શફકતનો હાથ ફિરાવો અને દોઆ ફરમાવી." આ તરહની હતી હમારા અહલુલ બૈત (અ.સ.) ની સાદગી જેની મોહબ્બતો ઉલ્ફતના ઝરીઆથી હમને હમારી ઝિંદગીમાં તરહ-તરહની બેશુમાર નેઅમતો ખુદાએ બખ્શેલી છે.

અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદથી બયાન વારિદ થયેલું છે કે, રસૂલુલ્લાહ બાવાજીએ ફરમાવું કે, ખુદાએ જે વક્ત મારી ફાતેમાની અલી સાથે શાદી કરવાનો હુકમ કીધો તો મૈં તે મુજબ અમલ કીધો અને બેવેના નિકાહ કરી આપા. તે બાદ મૌ. જિબ્રઈલે મને આવીને કહ્યું કે, "અય રસૂલલ્લાહ, ખુદાએ મોતીઓથી એક ખૂબસૂરત જન્નત પૈદા કીધેલી છે. તે મોતીઓના દરમિયાન યાકૂત છે અને તે મોતીઓને સોનાની ચાદર પર મઢેલા છે. તે જન્નતના મહેલોની છત ઝબરજદના કીમતી પત્થરોથી બનાવેલી છે. તેના ચોતરફ તરહ-તરહના લઝ્ઝતદાર પાની અને શરબતોની નદીઓને જારી કીધેલી છે. તે નદીઓના દરમિયાન એવી પાકીઝા ઝમીનો છે કે, જેના ઉપર આલીશાન કુબ્બા-મિનારાઓ બનેલા છે. તેને આસપાસ મુખ્તલિફ ફલ-ફૂલના દરખ્તો ઉગાવવામાં આવા છે. આ દરખ્તોના ડાલાઓ બેશુમાર છે કે જેના પત્તાઓની પૈદાઈશ એવી છે કે, તેના ઉપર પાનીની બુંદો જેમ કુબ્બાઓ છે કે જેના માંથી હર વક્ત રોશની નિકલા કરે છે.

આ જન્નતની પાકીઝા ઝમીનો ખુદાએ **ઝાઅફરાન-કેસર, મિશ્ક-કસ્તૂરી અને અંબરથી** પૈદા કીધેલી છે. તે એ મુજબ મહેકે છે કે જેની મિસાલ મિલવી નામુમ્કિન છે. તેની ઝમીન અને દરખ્તોના ડાલાઓ પર જે કુબ્બાઓ-ગુંબજો

(બકીયાહ પેજ નં. ૨ પર)

**દાઅવતે હક્કના સાહેબ ખુદાની આયત છે.**

(પેજ નં. ૧ નું બાકી)
બનેલા છે તેમાં એક-એક હસીન હૂર પૈદા કીધી છે. એક-એક કુબ્બાના સો દરવાઝા છે અને હરએક દરવાઝા પર બે-બે ખિદમતગુઝાર બૈરો-લોંડીઓ ઝીનતદાર લિબાસમાં ઊભેલી છે. તે કુબ્બાના ચોતરફ આયતુલ કુરસી દરજ કરવામાં આવી છે."

મૌ. જિબ્રઈલની આ કાબિલે દાદ બયાની સાંભલીને રસૂલુલ્લાહ બાવાજી ફરમાવવા લાગા કે, "અય ભાઈ જિબ્રઈલ! ખુદાએ આ મિસિલની જન્નતની ઝૈબો ઝીનત અને આરામો રાહતના સામાન કયા શખ્સ વાસ્તે પૈદા કીધા છે?" જિબ્રઈલે જવાબ આપો કે, "અય ખુદાના હબીબ! આ રૌનકઅફરોઝ જન્નતને ખુદાએ આપના દીકરી મૌ.ફાતેમા અને આપના દામાદ મૌ. અલીની શાદીની ખુશીમાં તે બેવે વાસ્તે હદીયો કીધી છે. **આપને અને આપના અહલુલ બૈતને આ અનમોલ અને બેનઝીર તોહફો મુબારક થાય.** આપ, ફાતેમા અને અલી જ એવા સાહેબો છો કે, જેની માઅરેફતના સબબ ખુદા મુમેનીનને એવી જન્નતમાં વસાવશે."

દાઅવતની કિતાબોમાં ફઝાઈલે અહલે બૈત (અ.સ.) માં આ રિવાયત બયાન થયેલી છે કે, જે વક્ત રસૂલુલ્લાહ બાવાજીના હાથ પર લોગોની શફાઅત અને મગફેરત થાશે અને તે જન્નતી લોગોને તેઓના મકામમાં જન્નતમાં વસાવવામાં આવશે તે બાદ તેઓ જન્નતમાં એક ચમકતા નૂરનો નઝારો જોશે. તેઓ જનાબે રબ્બાનીમાં અરઝ કરશે કે, અય પરવરદિગાર! કુરઆને કરીમમાં તો તુંએ એમ ફરમાવું છે કે, "જન્નતના લોગો જન્નતમાં સૂરજની ધૂપ અને ચાંદની ઠંડી રોશનીને નહીં જોઈ." તે વક્ત બારગાહે રબ્બાની તરફથી નિદા આપનાર કહેશે કે, "અય જન્નતી લોગો! તમેં જે આ નૂર જોવ છો તે કઈ સૂરજ કે ચાંદનું નૂર નથી મગર જે જગા પર મૌ. અલી અને માઁ ફાતેમા પોતાનો જન્નતી મકામ રાખે છે તે જગા પર તે બેવેને ખુદાએ પૈદા કીધેલી એક ચીઝ ઘણી જ પસંદ આવી છે અને **તે વાસ્તે બેવે ખુદાનો શુક્ર કરતા હુવા મુસ્કુરાયા છે.** તે બેવે સાહેબોની મુસ્કુરાહતના સબબ તમામ જન્નતોમાં આ નૂર ઝાહિર થયું છે, રોશની ફેલાઈ છે." ✩

---

- **મુમિનની આદત ફજરમાં સદકો કરવાની હોવી જોઈએ. જો તે ફજરની નમાઝનો પાબંદ હશે અને સદકો, અલ્લાહતઆલાના નઝદીક તે મુમિનના ફઝલો શરફમાં વધારો કરશે.**
- **" તબ્ઝીર " કરનાર શખ્સ, શયતાનનો ભાઈ છે. તબ્ઝીર યાઅની ફિઝૂલખરચી – ગૈર તરીકાથી ગૈર વક્ત પર પૈસાને ખરચ કરવા. અલ્લાહતઆલાના ફરમાન મુજબ માઅરૂફ કામમાં જેટલા પૈસા ખરચાઈ તેટલા ખરચ કરવા જોઈએ. તે ફિઝૂલખરચી નથી, પણ મુન્કર કામમાં થોડા પણ પૈસા ખરચાઈ તે તબ્ઝીર છે. શયતાન એવા કામો કરવા તરફ ઈન્સાનને લલચાવે છે.**
- **અય ઈમાનદારો! તમેં તમારા ભાઈઓને મિલા કરો. તમેં તેમની મુલાકાત કરા કરો. એકબીજાના એહસાનાત અને ખિદમતની વાતો કરા કરો. આના સબબ જેમ ઘરની દીવારોને મિલાવવાથી ઘર મઝબૂત બને છે, તેમ તમારૂં ભાઈઓ સાથે મિલવાથી મોહબ્બત બાકી રહે છે. શકની બીમારીની મોટામાં મોટી દવા તે એકબીજાથી મુલાકાત કરવી છે.**
- **અલ્લાહતઆલા બેઐબ છે અને ઈન્સાન ઐબદાર છે. હર શખ્સમાં કોઈનો કોઈ ઐબ છે. તો અય ઈમાનદારો, તમેં તમારા ઐબને સુધારવા વાસ્તે એ મુજબ મશ્ગૂલ થઈ જાવ કે બીજાના ઐબ જોવા તરફ તમને ફુરસદ જ ન મિલે. ખુદના ઐબ મિટાવવા કરતા બીજાના ઐબ વાસ્તે બોલવું ખૂબ આસાન છે. લોગો, જે આસાન છે તેના તરફ પહેલા જાય છે.**

**આસ્માનો ઝમીન ખુદાની આયત છે.**

## મકસદે સફર

દુનિયા હમારા વાસ્તે દારૂસ્સફર છે, દારૂલ કિયામ નથી. દુનિયામાં ગુઝરવા હમેં આવેલા છે. હમારૂં આવવું અને ગુઝરવું તેના દરમિયાન હમારો અહમ સફર છે. આ સફરનો એક આઅલા મકસદ છે. મકસદ બગૈરનો સફર નાકામ થઈ જાય છે. હમારી ઉમ્મીદ હોય છે કે, યહાઁ દુનિયામાં આવતા પહેલા જે હમેં હતા તેના કરતા બહેતર થઈને હમેં યહાઁથી ગુઝરીએ. **દુનિયાવી સફર દરમિયાન હમારી હર તરહ તરક્કી થાવી જોઈએ.** નહીં તો, દુનિયામાં હમારૂં આવવું બેમાઅના બની જાય છે. પછી જાનવરોં અને હમારામાં ફરક શું બાકી રહે!

હર સફર બાદ સફર કરનારને ફાયદો થાવો જ જોઈએ. સફર કરવો કઈ આસાન કામ નથી. સફરની શિદ્દત, તકલીફ, સઊબત અને મહેનત હર કોઈને બરદાશ્ત કરવી પડે છે. એના જ વાસ્તે આ દુનિયાને **દારૂલ બલાએ વલ ઈમ્તેહાન અને દારૂલ કૌને વલ ફસાદ** કહેવામાં આવી છે. સફરના હાલાત બદલાતા રહે છે અને જે મુમિન આ બદલાતા હાલાતને પરખીને પોતાનો મક્સદ પૂરો કરી લે છે તે આકિલ અને સયાનો કહેવાય છે. આ દુનિયાવી સફર દૌરાન, મુમિન નાના-નાના સફરને ઈખ્તિયાર કરે છે કે, જેના મકસદો સાથે મિલીને આ ઝિંદગીભરના સફરના મક્સદને કામિયાબ બનાવે છે. સફર કરવો અને તે પણ નૈકી અને તવક્કુલ સાથે, મુમિનની ઝિંદગીમાં ઈન્કેલાબ લાવે છે.

અલ્લાહતઆલાની રઝામંદી અને ખુશી વાસ્તે, દાઅવતે શરીફહના અરકાન-પાયાને મઝબૂત કરવા વાસ્તે, લોગોની બેવફાઈ અને ગદ્દારીના અઝાબના ઝરીએ બીજા નૈક લોગોને ઈબરત અપાવવા વાસ્તે, બીજા ઈલાકાના ઈમાનદારોને દાઅવતની બરકત અતા કરવા વાસ્તે, દાઅવતના ફરઝંદો વાસ્તે ઈલ્મો ફન અને દરસો હિકમતના નવા દાએરા ખોલવા વાસ્તે હર ઝમાનમાં અંબિયા, ઔલિયા, અઈમ્મત અને દોઆત (રિ.અ.) એ સફર ઈખ્તિયાર કીધો છે.

મુકદ્દસ મૌલા સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ના ઝમાને મુબારકથી આજે ૪૫ માં દાઈએ મુત્લક સૈ. વ મૌ. અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ના દૌરે મયમૂનમાં આપ મૌલાની રઝા અને હિદાયતની બદૌલત જમાઅતમાં ઝિયારાતે મુકદ્દેસાતના સફર મુબારકનો સિલસિલો જારી થયો છે, તે હકીકતમાં મુમેનીન મુખ્લેસીન વાસ્તે હર લેહાઝથી ફાયદાબખ્શ અને કાબિલે તૌસીફ છે. ૧૪૩૬ હિ. માં આકા મૌલા તખ્તનશીન થયા, તો આપે ઈઝહારે ખયાલ કીધો કે, **હર સાલ સાહેબે દાઅવતની સદારત, સરપરસ્તી અને મૌજૂદગીમાં ઉમ્રહ મુફરદહ અને કરબલાએ મુઅલ્લા** વાસ્તે એક કાફલો તો મુરત્તબ થાવો જ જોઈએ કે, જેના માતહત મુમેનીન ઝાએરીનના અરકાનો મનાસિક બરાબર અદા થઈ શકે. આપના આ ઈરશાદે આલીનો નતીજો એ આવો કે, આપ ૧૨૦ મુમેનીનને હમરાહ ૧૪૩૯ હિ. ના સફરૂલ મુઝફ્ફરમાં ઉમ્રહ મુફરદહ વાસ્તે તશરીફ લઈ ગયા. આ “સફીનતુન્નજાત” કાફલાના મુમેનીને આપ મૌલાની ઝૈરે હિદાયત પૂરી તકમીલો પુખ્તગી સાથે અરકાને ઉમ્રહ અદા કીધા. આ તર્ઝ પર સાહેબે દાઅવતની સદારતમાં કરબલાએ મુઅલ્લાની ઝિયારત વાસ્તે પણ મુખ્તલિફ કાફલાઓ જઈ ચુકા છે.

આ સાલ રબીઉલ અવ્વલ-રબીઉલ આખર મહીનામાં ૬૦ મુમેનીન-મુમેનાતના “ **અલ-મરજાન** ” કાફલાએ હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની રઝા-બ-રિઝાથી મુકાસિરૂદ્દાઅવતની સદારતમાં ઉમ્રહ મુફરદહનો સફરે મયમૂન ઈખ્તિયાર કીધો. આ સફરનો મક્સદે મરકઝી મગફેરત, તૌબા, દોઆ અને ઈબાદતનો હતો. મુમેનીનને એ વાત ઝહેનમાં રાખી હતી કે, હમારી ઉમ્રહ પહેલાની તરીકએ ઝિંદગી અને તેને બાદની ઝિંદગીની રવિશમાં ફરક હોવો જોઈએ. હમારા મુમિનપણાની ઈઝ્ઝત, શાન અને પહેચાનને બરકરાર રાખવા અને હમારી અલવીયતને સાચવવા હમને ગૈર-ઝિમ્મેદારાના, ગૈર-મુનાસિબ, ગૈર-ઝેબા, ગૈર-શરઈ અને નાદાનીભરા આઅમાલ, હરકતો અને કામોથી હમારી ઝાતને રોકવી પડશે, બચાવવી પડશે, ખૈર આદતોમાં હમારી ઝાતને ઢાલવી પડશે તે જ આ સફરનો મક્સદ હતો.
(બકીયાહ પેજ નં. ૯ પર)

## દોઆ, ખુદાની આયત છે.

## અલ-અકાઈદુલ અલવીયાહ : કિસ્ત - ૨

### અલવી અકીદાઓ - કિસ્ત-૨ (અકીદો-૨)

**મુકદ્દેમો-પ્રસ્તાવના :** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપની ઝિંદગીમાં બેશુમાર વક્ત આપના દામાદ, કાકીજી સાહેબના દીકરા તેમજ મદદગાર મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને વાસ્તે ઈશારતન-ઝાહેરતન આપના અસ્હાબને દરમિયાન વાઝેહ-ખુલ્લું કરી દીધું હતું કે, આપના બાદ, આપના વસી, વલી, વઝીર અને વાલી તે અલી મારા અખી જ છે. આ દુનિયામાં આપની આઁખ બંધ થાવાની વાર હતી કે, તાકતવર મુનાફિકો અને દૌલતમંદ મુન્કિરોની આઁખ બદલાઈ ગઈ, કલ્બો ઝમીરમાં કાટ લાગી ગયો અને મૌલાના અલીની વલાયત કુબૂલ કરવામાં તેઓની નિય્યતોમાં પેચ પડી ગયા.

હક્કના વલી અને દીને ઈલાહીના દાઈ સાથે ઝઘડો કરવો, ઝલીલ કરવા, હક્ક મારી લેવો અને ઝબાનથી પલટી જાવું, આ મુજબ લોગોનો રવૈયો હર નબી સાથે, હર ઝમાનમાં રહેલો છે. ઝમાનાના આદમ સામે ઝમાનાનો ઈબ્લીસ પૈદા થયો જ છે. આ દૌરૂસ્સતરનો હંગામ છે, લેહાઝા ઈબ્લીસ અને શયતાનોંની તાકત વધારે જ રહેવાની. ઝમાનો શાહિદ છે કે, આ શયતાનોંની તુગ્યાની અને બગાવતના તૂફાનની ચપેટમાં અકસર લોગો હલાક થઈ જાશે. ઈમાન જો સલામત રહેશે તો ચુનંદા લોગોના દિલોમાં જ હશે જેને અલ્લાહતઆલા મુમેનીન કહે છે. આ મુબારક નામ તે ખુશ-ઈકબાલ લોગોનું છે કે, જેના જન્નતુલ ફિરદૌસમાં ઊંચામાં ઊંચા મકામાત છે.

રસૂલુલ્લાહ બાવાજીના ઝમાનમાં લોગોએ કલેમએ શહાદત તો પઢો પણ તેની તેહ તક ના જઈ શકા યા તેની હકીકતને ના પહેચાની શકા. **ફક્ત જિસ્માની ઈસ્લામ જોઈ લીધું મગર રૂહાની ઈમાનથી નાવાકિફ રહ્યા.** આ જ સબબ હતો કે, તેઓ મૌલાના અલી અને આપની આલથી ગફલત કરી બેસા અને એવા જાહિલોને પોતાના સરપરસ્ત બનાવી લીધા કે, જેઓનો દીનો મઝહબના અરકાન અને બુનિયાદ સાથે કોઈ જ સરોકાર ન હતો. શરમ, દેખાવ યા દબાણમાં આવીને મુસલમાન તો બની ગયા પણ તેઓના દિલો તો નિફાકથી કાલા જ હતા. આવા લોગોએ દીને હક્કને ખૂબ મોટું નુકસાન કીધું, શરીઅત સાથે ખિલવાડ કીધો અને અહલે બૈતે રસૂલ (અ.સ.) ની ઝિક્રને હર તરહથી મિટાવવાની નાપાક કોશિશો કીધી.

આ મુનાફિકો, પછી તે મદીનામાં હોય કે કૂફામાં કે શામમાં હોય, અલગ-અલગ ટોલાઓ-વાડાઓમાં તકસીમ થઈ ગયા. તેઓનો કોઈ એક સાચો અને દીનદાર રઈસ ન હોવાથી કોઈ ઈત્તેહાદ બાકી ન રહ્યો. રસૂલુલ્લાહ બાવાજી પછી છો-૬ સદીઓ તક ઉમ્મતના લોગો માંથી જે ગિરોહને જેમ ફાવું તેમ પોતાના સરદાર ચુની લીધા અને તે સરદારોના મનફાવતા અકીદા મુજબ પોતાના ગિરોહ-ગ્રુપની એક શનાખ્ત દુનિયાવાલા દરમિયાન કાઈમ કરી લીધી. **હક્કના ધણી અને ઈમામે આલે મોહંમદ (સ.અ.) ઈત્મિનાનથી ચુપચાપ પોતાની ઝિમ્મેદારી નિભાવતા રહ્યા,** દાઅવતની શમ્અને ઈમાનથી જલાવતા રહ્યા. આના બરખિલાફ હક્કનો દાઅવો કરનાર બગાવતી લોગો દીને ઈસ્લામની ખૂબસૂરત તસ્વીરને બિગાડતા રહ્યા અને પોતે મશ્હૂર થાવા દીનને બદનામી અને ઝિલ્લતના ભંવરમાં ઘેરતા રહ્યા.

રસૂલુલ્લાહ બાવાજીના અસ્હાબ માંથી તમામ મુખ્લિસ ન હતા. તેમાંથી એવા અસ્હાબ પણ હતા કે, જેની નસલમાં ચંદ દુનિયાપરસ્ત બની બેસેલા ઈલ્મી દાવેદારો કોઈના કોઈ વાડાના રઈસ-સરદાર બની ગયા, જેને તે ટોલા-ગિરોહના લોગો ઈમામ તરીકે પુકારવા લાગા. આ શરપસંદ અને ફિત્નાવર ઈમામોએ પોતાની જાહિલ ટોલીઓના કહેવા મુજબ તેઓ વાસ્તે મનગમતી હરામ ચીઝોને હલાલ કરી દીધી અને નાપસંદ હલાલ ચીઝને હરામ બનાવી દીધી. પોતાના ઝાતી ફાયદા અને લોગોના વ્હાલા થાવા, શરીઅતના અરકાનને પગ તલે કુચલી નાખા. આ તરહ મઝહબે

(બકીયાહ પેજ નં. ૫ પર)

**વાલેદૈન, ખુદાની આયત છે.**

(પેજ નં. ૪ નું બાકી)

ઈસ્લામમાં એક અલગ જ ફિકરો ખયાલ, તરીકતો આઅમાલ અને રસ્મો રિવાજની શિકલ બાહર આવી જેની તસ્વીરકારી, **મક્કારી અને ફરૈબતરાશીના કાચા રંગોથી કરવામાં આવી હતી.** આજે પણ આ જ તરહના લોગો ઈસ્લામની જમાલદાર તસ્વીર પર દાગ અને બટ્ટો લગાવી રહ્યા છે.

**અકીદો ૨ : આ જહાનનો બનાવનાર છે, પુખ્તા અને આલી કારીગર છે.**

આ આલમનો એક “સાનેઅ” છે, એક બનાવનાર-કારીગર છે. જેએ દિલકશ અને બેનઝીર કારીગરી કરીને આ જહાનને બનાવેલું છે. જેટલી ચીઝો તેએ બનાવેલી છે એ તમામથી તે બનાવનાર બલંદતર અને બેપરવાહ છે. આ ખાલિક-બનાવનાર તેની બનાવેલી તમામ ચીઝો-મખ્લૂકાતની સિફત, તાઅરીફ અને પહેચાનથી પાકો સાફ અને આઝાદ છે. આ જહાન તેની ઝાતથી આપોઆપ બનેલું નથી **પણ કોઈ ખાલિકે તેને બનાવેલું છે.** હકીકતમાં ખાલિક એ છે કે, તેનો વુજૂદ વાજિબ છે, તેનું હોવું હક્ક છે અને તેનું અછત થાવું બાતિલ છે. બનાવનારની બનાવટો નઝરને સામે હોય તો પછી બનાવનારનું ના હોવું કેમ મુમ્કિન થઈ શકે! આ જહાનમાં વુજૂદમાં આવેલી તમામ ચીઝોનો તકીયો, આધાર અને દારોમદાર તે ખાલિકની તરફ જ છે. કુલ ચીઝોની ઝિંદગી, સેહત, સિબાત અને બકા એ ખાલિકે અકબર-અલ્લાહતઆલાથી જ છે. તે અલ્લાહ એ છે કે, જે વક્ત હમેં તેની માઅરેફતનો ઈરાદો કરીએ છે, તો હમારી સોચ થાકીને મંદ પડી જાય છે અને અક્લમાં હૈરાનીની ગાંઠો પડી જાય છે. તે અલ્લાહને હમારા બાકુસૂર મુખ્તસર ઈન્સાની એહસાસાત કે કમ્ઝોર અક્લથી પહેચાનવો અને પરામવો નામુમ્કિન છે. પણ અહેસાસો અક્લથી એમ દલીલ લેવામાં આવે છે કે, તે અલ્લાહ સાનેઅ-બનાવનાર છે, **જેના તરફ તેની બનાવેલી ચીઝો મોહતાજ છે.** આ જહાનનો બનાવનાર એવી તાકત-કૂવત રાખે છે કે, તમામ પોતાની રોઝી વાસ્તે તેની તરફ મજબૂર છે. કારીગરને ખબર છે કે, તેની કારીગરીમાં શું શું ખામી છે, ઐબ છે અને ખરાબી છે.

આ કારીગરની કોઈ કૈફીયત, શિકલ કે આકાર નથી કે, જેનાથી આઁખ કે બીજા અહેસાસાતના આઅઝાથી તેને હમેં પરામી શકીએ. તે કારીગરનો કોઈ હરીફ પણ નથી કે, હમેં તેને કોઈ સિફત, ખુસૂસીયત કે ઈન્ફેરાદીયત આપી શકીએ. આ તરહ હમેં તેનો અક્લથી તસવ્વુર પણ નથી લઈ શકતા. તો હમને તેનો ઈકરાર કરવા અને શહાદત દેવા વાસ્તે આ જહાનમાં તેની તખ્લીકાત અને કારીગરી તરફ નઝર કરવી પડશે કે હમને યકીન થઈ જાય કે, આ તમામ ચીઝોનો એક આઅલા કારીગર મૌજૂદ છે કે, જે તેની કારીગરીને મહેફૂઝ અને સલામત રાખી રહ્યો છે. આમ જો ના હોય તો બધું જ પલભરમાં તબાહો તારાજ થઈ જાય.

આ ચાંદ, સૂરજ, તારાઓ, આસ્માનો, અફલાક, ઝમીન કે પાની પોતાની ઝાતથી પૈદા નથી થયા. જેમ ચક્કીનો ગોલ પત્થર જે વક્ત ફિરે છે તો તે પોતાની ઝાતથી ફિરતો નથી પણ તેને કોઈ ફિરાવનાર હોય છે. જે વક્ત આ ફિરાવનાર તેને ફિરાવવાનું બંધ કરી દે તો તે પત્થર તેની જગા પર જ ઠહેરી જાય છે. આનો મતલબ એ થયો કે, પહેલે પણ તે પત્થર ઠહેરેલો હતો પછી તેને હરકત આપવામાં આવી, જહાઁ તક હરકત આપનાર તેને હરકત આપતો રહ્યો વહાઁ તક પત્થર ફિરતો રહ્યો. હવે જે વક્ત હરકત બંધ થઈ ગઈ તો પત્થર પહેલા જેમ તેની જગા પર ઠહેરી ગયો. આ જ તરહથી સૂરજ મશ્રિકથી આપોઆપ નથી ઉગતો અને મગરિબે પોતે ઝમીનમાં નથી છુપાતો, **પણ અલ્લાહતઆલા તે સૂરજને ફિરાવે છે.**

આ જહાનમાં જેટલી પણ ઝિંદા ચીઝો છે તે પોતાની ઝાતથી જાનદાર યા હરકત કરનારી નથી બની. જો આમ જ હોત તો જાનદાર કોઈ વક્ત પણ બેજાન ન થાત. બેજાન ચીઝો કોઈ વક્ત પણ જાનદાર ના બનેત. તો આથી સાબિત થયું કે, આ જહાનમાં જે જે ચીઝો છે, તે પોતાની ઝાતથી વુજૂદમાં નથી આવી પણ અલ્લાહતઆલાએ પૈદા કીધી છે. તેમાંથી ચંદ ચીઝોને હરકતવાલી બનાવી છે અને ચંદને ઠહેરેલી કીધી છે. આ નિઝામ હર વક્ત એક જેવો નથી રહેતો.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**કુરઆન, ખુદાની આયત છે.**

(પેજ નં. ૫ નું બાકી)

જો હરકતવાલી અને ઠહેરેલી ચીઝો પોતે જ પૈદા થઈ હોત તો તે એવી જ હાલતમાં હમેશા રહેત. પછી તો આ જહાનનો કારોબાર દરહમ-બરહમ થઈ જાત. પણ **અલ્લાહતઆલા બહેતર ઈલ્મ રાખે છે કે, કઈ ચીઝને કયા વક્ત હરકતમાં રાખવી યા ઠહેરેલી રાખવી. આ હરકત-સુકૂન ઠહેરાવના સબબ જ આ જહાનમાં ઝિંદગી-મૌત બાકી છે.**

**હમ્દ**

જો મિલે હયાતે ખિઝ્રિર મુઝે, ઔર ઉસે મૈં સર્ફે સના કરૂં,
તેરા શુક્ર ફિર ભી અદા ન હો, તેરા શુક્ર કૈસે અદા કરૂં.
તેરે લુત્ફ કી કોઈ હદ નહીં, ગિનું કિસ તરહ કે અદદ નહીં,
નહીં કોઈ તેરે સિવા મેરા, કિસે યાદ તેરે સિવા કરૂં.
તેરે દર પે ખમ રહે સર મેરા, તેરી રહેમતોં પે ગુઝર મેરા,
મૈં કહા કરૂં તું સુના કરે, તું દિયા કરે મૈં લિયા કરૂં.
મુઝે ખુશ્બૂઓં સી ફલાહ દે, મુઝે રોશની સી નિગાહ દે,
કભી ફૂલ બન કે મહેક ઉઠું, કભી શમ્અ બન કે જગા કરૂં.
મૈં બહુત હી આજિઝો બેનવા, તેરે આગે મેરી બિસાત કયા,
કોઈ ભૂલ હો તો મુઆફ કર, મુઝે બખ્શ દે જો ખતા કરૂં.
મેરે એક દામને ઉમ્ર મેં, હૈં ન જાને કિતની નદામતેં,
મેરા ખાતેમા ભી બખૈર કર, યહીં રાત-દિન મૈં દોઆ કરૂં. ☆

---

(પેજ નં. ૯ નું બાકી)

મિમ્બર કરીબ નિસ્ફિલ્લૈલ અને તહજ્જુદની નમાઝ અદા કીધી, રૌઝહ મોહંમદીયહના પાછલ ઊભા રહીને ફજરમાં દોઆતે કિરામના ફાતેહા પઢા, **જન્નતુલ બકીઅમાં યાસીન પઢી અને મુમેનીન-મુમેનાતના મજમૂઈ ફાતેહા પઢા,** મગરિબની નમાઝ બાદ હોટલમાં મજલિસ મુન્અકિદ કીધી અને આપે બયાન ફરમાવું, જે મસ્જિદો શહીદ કરી દેવામાં આવી છે તેની તહીયતુલ મસ્જિદ અને બીજી નમાઝો યૌમુલ જોમોઅહએ મસ્જિદે કુબામાં અદા કીધી. આ સિવાય જે જે જગાઓ પર જાવાનું થયું તેમાં, ઓહોદના મકામાત, મૌ. હમઝા (રિ.અ.) ની કબરે અન્વર, મસ્જિદે ફત્હ, મસ્જિદે ઝૈનબ બિન્તે જહશ (રિ.અ.), બદરનું મૈદાન અને મકબરો, બિઅરે શિફા, બિઅરે રૌહા, મસ્જિદે સલમાનુલ ફારસી (રિ.અ.), મસ્જિદે સુકયા, મસ્જિદે કિબ્લતૈન, મસ્જિદે શજરહ-મઅર્રસ, જંગે અહઝાબની જગા, મસ્જિદે નબવીની ૭ અલગ-અલગ જગાઓ જ્યાં એક બલાગમાં ૭ સલામ પઢાય છે, બાબે જિબ્રઈલ, દરસગાહે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), હુજરએ ફાતેમા (સ.અ.), માએદો નાઝિલ થાવાની જગા, બયતુલ હુઝન અને મૌ. ઈસ્માઈલ બિન મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ની ઘરની જગા વગૈરહ શામિલ છે. જે જે જગાઓ પર ઈમ્કામ થયું વહાઁ વસીલહ અને તવસ્સુલની નમાઝો પઢી હતી.

મદીનામાં વદાઅનો વક્ત આવો તો મસ્જિદે નબવીમાં નમાઝ અદા કરીને રૌઝહ મોહંમદીયહ અને રૌઝહ ફાતેમીયહ યાઅની મસ્જિદે નબવી અને જન્નતુલ બકીઅના દરમિયાન સહેનમાં મુકાસિર મૌલાએ **તમામ અસ્હાબે રૂહાનીયીનનો વસીલો લઈને દાઅવતે શરીફહ તૈયેબીયહ અને જમાઅતે હક્ક વાસ્તે ખૂબ-ખૂબ દોઆઓ ફરમાવી.** એ જ મુજબ મક્કામાં વદાઅનો તવાફ દઈને હજરે અસ્વદ અને બાબે કાઅબાના સામે થઈને હરમમાં મુમેનીન-મુમેનાત સાથે પૂરા ખુશૂઅ-ખુઝૂઅ અને વલવલાથી હર અલવી મુમિન વાસ્તે તેની ઝિંદગીના હર શોઅબાને મદે નિગાહ રાખીને દોઆઓ ફરમાવી. આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની નઝરે લતાફતના સબબ ઉમ્રહ મુફરદહના સફરનો મકસદે આલી અલ્લાહ જલ્લા શાનોહૂએ બર લાવો અને તેના ઉપર ખુશઅંજામની મોહર લગાવી. ☆

**તે નિશાનીઓ, જે ખુદા પર યકીન પુખ્તા કરાવે, તે આયત છે.**

## દરસે લિસાનુદ્દાઅવત

# طبيعت

رسول اللہ باواجي فرماوے چھے كه، بچو جه نو دودھ پيوے ته ني تأثير ته بچا ما آوي جائي چھے۔ ته واسطے كوئي شخص پوتانا بچا واسطے دودھ پيلاونار دهاؤ نقي كرے تو نيک، پرهيزگار انے شرم و حيا والا بئيرو هوئي۔ ته بئيرو نے پوري تفتيش و تلاش كرينے پسند كرے۔ جه طرح نو دودھ بچو پاسے ته ج موجب تهني طبيعت بنسے۔ پهلا جمن ني طهارة انے پاكيزگي آوے چھےته بعد پرورش انے تعليم آوے چھے۔ جمن ني پاكيزگي نا سبب بچا ني سوچواني، هضم كرواني، قبول كرواني انے صبر كرواني طاقة مضبوط بنے چھے۔ بچا ني تندرستي انے جسماني صحة ني بنياد ماں نا دودھ پر دار و مدار راكھے چھے۔

جو ماں يه بچا واسطے دودھ پيلاووانو حق برابر ادا كيدو هسے تو ضرور ته بچو ماں نو فرمابردار انے اطاعة گذار اوٹسے۔ ماں نا هر قول پر نعم كهنارو تهاسے۔ ماں ني عزة و كرامة ما كوئي كچاس نهيں راكھے۔ خدا ني عبادت بعد ماں ني چاكري انے خدمت نے اول عمل گنسے۔ ماں نا ايمان ساتھے ته نو ايمان جوڑائيلو رهسے۔ آ موجب ني طبيعت نو بچو ايک كامل مؤمن بني نے اوٹھسے كه جه ني زبان پر هر وقت ماں نا احسانات ني ذكر هسے۔

جه بچا ني زندگي نا ابتدائي ورسو اهوا گذرا هوئي كه پاكيزة جمن نا بدلے باهر نو دودھ، تيار پک كيديلا جمن يا هوٹل ني وانگيو پيٹ ما ناكهواما آوي هوئي تو ظاهر سي وات چھے كه، پيٹ، طبيعت انے عقل بگڑواني ج۔ باهر نو جمن جمواني عادة خوب خطرناک چھے۔ ته دهيمو زهر چھے۔ خاص كرينے بچا ني طبيعت كھوكھلي كري دے چھے۔ تهنا فكر و خيال ما فساد پيدا كري دے چھے۔ تهنا اعمال ما فتنة برپا تهئي جائي چھے۔ جسم بيماري نو گھر بني جائي چھے۔ والدين پر لازم چھے كه، پوتانا بچا ني تعليم و تربية ساتھے بچا ما جموانو لحاظ، طريقه، پسندگي، وقت انے صحبة ني پن خاص تكيداري راكھے۔

بچپن نا پهلا پانچ سال والدين پوتانا بچا نا جمن پر برابر دهيان آپسے تو بلا شک تهني طبيعت كهلي اوٹھسے انے پچھي تعليم و تربية ني مهک تهنا هر عمل ما ظاهر تهاسے۔

### તબીઅત

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, બચ્ચું જેનું દૂધ પીએ તેની તાસીર તે બચ્ચામાં આવી જાય છે. તે વાસ્તે કોઈ શખ્સ પોતાના બચ્ચા વાસ્તે દૂધ પીલાવનાર ધાઉં નક્કી કરે તો નૈક, પરહેઝગાર અને શરમો હયા વાલા બૈરો હોય. તે બૈરોને પૂરી તફતીશો તલાશ કરીને પસંદ કરે. જે તરહનું દૂધ બચ્ચું પાસે તે જ મુજબ તેની તબીઅત બનસે. પહેલા

(બકીયાહ પેજ નં. ૮ પર)

**જમવાની હર હલાલ ચીઝ ખુદાની આયત છે.**

## લફઝી કશ-મ-કશ

**ઉભી તરકીબ :**

૧) મુમિનના ઈમાનની એ દલીલ છે કે એ કોઈને ______ ના આપે અને તકલીફ ના દે. (૨)
૨) દાઅવતના નસ્સના સાહેબો અલ્લાહતઆલાની મઝબૂત રસ્સી છે જેને હબ્લુલ્લાહિલ ______ કહે છે. (૩)
૩) મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને જન્નત અને જહન્નમના તકસીમ કરનાર કહે છે, આ તકસીમ કરનારનો લફ્ઝ કયો છે? (૩)
૭) પાલનહાર, પરવરદિગાર, ખુદા. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**આડી તરકીબ :**

૨) જો તમેં કોઈનો ______ ઉડાવશો તો બીજા તમારી હઁસી ઉડાવશે. (૩)
૪) પર્સનલ, પોતાનું, ખુદનું. (૨)
૫) પંદ, નસીહત, સબક. (૨)
૬) રહેમદિલ શખ્સ કોઈના સાથે ગુફતગૂ કરે છે, તો ______ લહેજામાં કરે છે. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ઔ | | |
| | શ | જ | ર | |
| સ | હી | X | સૂ | લી |
| | દ | લી | લ | |
| | | લી | | |

સહી જવાબ આપનાર: આમેના એમ. ભાઈસાહેબ

☆

(પેજ નં. ૭ નું બાકી)

જમનની તહારત અને પાકીઝગી આવે છે તે બાદ પરવરિશ અને તાઅલીમ આવે છે. જમનની પાકીઝગીના સબબ બચ્ચાની સોચવાની, હઝમ કરવાની, કબૂલ કરવાની અને સબર કરવાની તાકત મઝબૂત બને છે. બચ્ચાની તંદુરસ્તી અને જિસ્માની સેહતની બુનિયાદ માઁના દૂધ પર દારોમદાર રાખે છે.

જો માઁ એ બચ્ચા વાસ્તે દૂધ પીલાવવાનો હક્ક બરાબર અદા કીધો હસે તો ઝરૂર તે બચ્ચું માઁનું ફરમાઁબરદાર અને ઈતાઅત ગુઝાર ઉઠસે. માઁના હર કૌલ પર "નઅમ" કહેનારૂં થાસે. માઁની ઈઝઝતો કરામતમાં કોઈ કચાસ નહીં રાખે. ખુદાની ઈબાદત બાદ માઁની ચાકરી અને ખિદમતને અવ્વલ અમલ ગિનસે. માઁના ઈમાન સાથે તેનું ઈમાન જોડાયેલું રહેસે. આ મુજબની તબીઅતનું બચ્ચું એક કામિલ મુમિન બનીને ઉઠસે કે જેની ઝબાન પર હર વક્ત માઁના અહેસાનની ઝિક્ર હસે.

જે બચ્ચાની ઝિંદગીના ઈબ્તેદાઈ વરસો એવા ગુઝરા હોય કે પાકીઝા જમનના બદલે બાહરનું દૂધ, તૈયાર પેક કીધેલા જમન યા હોટલની વાનગીઓ પેટમાં નાખવામાં આવી હોય તો ઝાહિર સી વાત છે કે, પેટ, તબીઅત અને અક્લ બિગડવાની જ. બાહરનું જમન જમવાની આદત ખૂબ ખતરનાક છે. તે ધીમું ઝહેર છે. ખાસ કરીને બચ્ચાની તબીઅતને ખોખલી કરી દે છે. તેના ફિકરો ખયાલમાં ફસાદ પૈદા કરી દે છે. તેના આઅમાલમાં ફિત્નો બરપા થઈ જાય છે. જિસ્મ બીમારીનું ઘર બની જાય છે. વાલેદૈન પર લાઝિમ છે કે, પોતાના બચ્ચાની તાઅલીમો તરબીયત સાથે બચ્ચામાં જમવાનો લેહાઝ, તરીકો, પસંદગી, વક્ત અને સોહબતની પણ ખાસ તકેદારી રાખે.

બચપનના પહેલા પાઁચ સાલ વાલેદૈન પોતાના બચ્ચાના જમન પર જો બરાબર ધ્યાન આપસે તો બિલાશક તેની તબીઅત ખિલી ઉઠસે અને પછી તાઅલીમો તરબીયતની મહેક તેના હર અમલમાં ઝાહિર થાસે. ☆

**જન્નતો જહન્નમ, ખુદાની આયત છે.**

(પેજ નં. ૩ નું બાકી)

આ સફર કોઈ માઅમૂલી સફર નહોતો. મગર, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ જે બે શહેરોમાં કારે નુબૂવત અંજામ આપું અને લોગોને દાઅવતે હક્ક તરફ ઈઝન પૈશ કીધું, તે જગાઓ મક્કતુલ મુકર્રમહ અને મદીનતુલ મુનવ્વરહની ઝિયારાતે મુકદ્દેસાતથી બરકાત હાસિલ કરવાની સફરે મયમૂન હતો. તેનું સેન્ટર કાઅબતુલ્લાહ, મસ્જિદે નબવી અને જન્નતુલ બકીઅની ઈબાદતો હતી. અકસર લોગો ઉમ્રહને ખૂબ હલકું લે છે અને તેમાં સમાયેલા સવાબને ઝાયેઅ કરી દે છે. ઈબાદતો અને તવાફમાં કુસૂર કરે છે. દોઆઓ પઢવામાં અને વસીલાઓમાં ખામી રાખે છે. નિય્યતો અને તવસ્સુલમાં ગફલત કરે છે. આ શું કામ થાય છે કે, એવા લોગો ઉમ્રહ કે કરબલાના અરકાન પર ગૌર કીધા બગૈર, એવી ટૂર્સમાં એકલા કે કોઈના સાથે સફર પર નિકલી જાય છે કે, જેના સાથે દાઅવતના કોઈ ઝિમ્મેદાર અને જાણકાર સરપરસ્ત હાઝિર હોતા નથી. સફર દરમિયાન પૈદા થાનાર કોઈ પણ ઉલઝન કે સવાલનો હલ-જવાબ તેઓને મિલતો નથી. **નતીજતન જે મનમાં આવે યા કોઈ જાહિલ કહે એ મુજબ કરી બેસે છે.**

પૈસા ખરચા બાદ પણ તેઓના અરકાનો મનાસિક આ તરહ ઝાયેઅ અને કુસૂરભરા બની જાય છે. મુમેનીન જેઓ આ નઝાકત અને હકીકતથી વાકિફ હોય છે તેઓ, ભલે એક-બે સાલ વાર જોવી પડે, મગર જે કાફલામાં સાહેબે દાઅવતની શિરકત હોય તેમાં જ તેઓ ઉમ્રહ યા કરબલાની સફરનો કસ્દ કરે છે. આ તરહ તેઓનો મકસદે સફર કામિયાબીની મંઝિલ પર પહોંચે છે. આજે પૈસા કોના પાસે હોતા નથી. કોઈના કોઈ ઝરીઆથી તેનો બંદોબસ્ત થઈ જાય છે, યા મુમેનીનને જાવું જ હોય તો નકદની જમાવટ થઈ જ જાય છે. એનો મતલબ એવો નથી કે કોઈના સાથે પણ સફર પર નિકલી જાય. હિર્સમાં ને હિર્સમાં પૈસા ઝાયેઅ કરી બેસે છે. જે જગા જ્યાં અપની કોઈ ઝિયારત જ નથી ત્યાં જઈ ચઢે છે જેનાથી તેને કોઈ ફાયદો હાસિલ થાતો નથી. સફરની રૂહાનીયત ખત્મ થઈ જાય છે.

ઉમ્રહ મુફરદહના “અલ-મરજાન” ના સફર મુબારકની ખુસૂસીયતો જે કાબિલે ઝિક્ર છે તે એ છે કે, આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દોઆઓના પુરઅસર કલેમાતથી મક્કામાં મુકાસિર મૌલાએ કાઅબતુલ્લાહની મસ્જિદ, મસ્જિદે હરામમાં ફરઝોની ઈમામતની નમાઝ પઢાવી એ તરહથી કે રૂક્ને યમાની સામે હોય, નિસ્ફિલ્લૈલ અને તહજ્જુદની નમાઝો હરમમાં બાબે કરબલાના મુકાબિલ પઢાવી, **મુમેનીન-મુમેનાતને સાથે મિલીને યૌમુલ જોમોઅહની ઈમામતની નમાઝ પઢાવી**, નમાઝો બાદ હત્તલ ઈમ્કાન મુખ્તસર હિકમતના નિકાત બયાન કીધા, હરમ સિવાય જે જે બીજી મુખ્તલિફ જગાઓ પર જાવાનું થયું ત્યાં તારીખી વાકેઆતની ઝિક્ર કીધી તેમાં જન્નતુલ મુઅલ્લા, શોઅબે અબી તાલિબ, લશ્કરે અબરહાના રૂકવાની જગા, બાબે બની શૈબા, લયલતુલ મેઅરાજના વક્ત તે જગા જયાંથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) હરમે કાઅબાથી બયતુલ મુકદ્દસ ગયા હતા, અબી કુબૈસનો પહાડ, રસૂલુલ્લાહ અને અલીએ આઅલા (સ.અ.) નું ઘર, મુસ્તજાર-મુલ્તઝમ-હજરે ઈસ્માઈલ, અરફાત-અલમૈન, જબલે રહમત, જબલુન્નૂર, જબલુસ્સૌર, બત્નુલ વાદી-મુઝદલેફહ-મિના, મસ્જિદે નમેરહ-મસ્જિદે ખીફ વગૈરહ જગાઓ શામિલ છે. હરમે કાઅબામાં નમાઝના વક્તોમાં વસીલાની નમાઝ પઢવી પસંદીદહ છે, જે મુમેનીને ઘણા શૌકથી અદા કીધી.

તાઈફમાં રબીઉલ આખરની પહેલી તારીખે બીજા ઉમ્રહ વાસ્તે ગયા હતા. ઝોહર-અસરની નમાઝ મૌ. અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રિ.અ.) ની મસ્જિદમાં અદા કીધી. આપની કબરે અન્વર મસ્જિદને બાઝૂમાં મકબરહમાં છે. આ સિવાય જે જગાઓ પર ગયા તેમાં મસ્જિદે રસૂલ, મસ્જિદે અલી, વાદીએ ઉદાસ શામિલ છે. તાઈફથી થોડા ફાસલા પર મીકાતે કર્નની મસ્જિદ છે જ્યાં મગરિબ-ઈશાઈલ આખેરતની નમાઝ પઢીને ઉમ્રહના એહરામની નિય્યત લીધી હતી અને મક્કા આવીને ઉમ્રહ ઉતારો હતો.

મદીનામાં ઈબાદતો અરકાન પણ તમામીયત સાથે પૂરા થયા હતા. મુકાસિર મૌલાએ મસ્જિદે નબવીમાં ફરઝોની નમાઝ ઈમામતની પઢાવી, કમ-અઝ-કમ એક દિનમાં ત્રણ બલાગ એમ ૭ અય્યામમાં ૨૧ જેટલા બલાગ પઢા,

(બકીયાહ પેજ નં. ૬ પર)

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ
## કિસ્ત-૩૫

### માઁ ના એહતેરામની કૈફીયત

કુરઆને કરીમ, ફુરકાને હકીમમાં અલ્લાહતઆલાએ પાઁચ વક્ત **"વબિલવાલેદૈને અહેસાના"**, ના અલ્ફાઝ નાઝિલ ફરમાવા છે. યાઅની કે, અલ્લાહતઆલાએ પોતાની ઈબાદતને તો બંદાઓ પર ફરઝ કીધેલી જ છે, મગર વાલેદૈન પર અહેસાન કરવું પણ એટલું જ લાઝિમ ફરમાવું છે. ઉપર મઝકૂર આયત મુજબ ઘણી જગા પર અલ્લાહતઆલાએ પોતાની ઈતાઅત-ઈબાદત સાથે જ વાલેદૈન સાથે બહેતર સુલૂક કરવાનો હુકમ કીધો છે. એમ પણ હુકમે ઈલાહી છે કે, **"અનિશકુરલી વલેવાલેદૈકા"**, યાઅની કે, તમેં મારો શુક્ર કરો અને તમારા વાલેદૈનનો શુક્ર કરો. વાલેદૈન માંથી વાલેદહ-માઁ સાહેબા પર એહસાન કરવાની ખાસ ઝિક્ર આવેલી છે, કેમકે નૌમૌલૂદ અને કમસિન બચ્ચાની કફાલત-પરવરિશની ઝિમ્મેદારી તેમજ હક્ક માઁ અને માઁના કરાબતદારનો હોય છે. મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) અને મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) ની ઝિક્રમાં પણ આપના માઁ સાહેબાનો કિરદાર ઉભરીને નુમાયા થાય છે.

અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદા મુજબ અને બાતિની બયાન મુજબ માઁ-વાલેદહનો દરજો ખૂબ અનોખો અને આઅલા છે. તાવીલી ઝબાનમાં વસીના મરતબામાં માઁનો મરતબો શુમાર થાય છે. નબી બાદ વસીનો અઝીમમાં અઝીમ મરતબો છે. મુમેનીનની ઈમાની પરવરિશની ઝિમ્મેદારી આ બેવે નૂરાની સાહેબોની છે જે મુમેનીનની નાના-નાના બચ્ચાંની પરવરિશ મુજબ દીનો શરીઅતના લેહાઝથી તેઓને મોટા અને પુખ્તા કરે છે. **માઁની મુજબ જ એક વસી પોતાના મુમેનીનની કફાલત કરે છે.** હવે રહ્યો બાવાજીનો સવાલ તો એ બેવેની કફાલત કરે છે, યાઅની માઁ અને ઔલાદ. જે મુજબ નબીએ નાતિક પોતાના વસી અને મુમેનીન એમ બેવેના કફીલ છે. તેમના ઉપર દુગની ઝિમ્મેદારી હોય છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના વસીએ અકરમ મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને નસીહત કરતા ફરમાવે છે કે, **અય અલી! વાલેદૈનનો ખયાલ રાખવો તે મોટી હસનત અને સઆદત છે.** તો તમેં વાલેદૈન સાથે કઈ તરહ સુલૂક કરશો? ૧) રૂહ અને જિસ્મ જેમ અલગ-અલગ છે, તેમ રૂહાની અને જિસ્માની વાલેદૈનની કૈફીયત છે. તમેં બેવે વાલેદૈનની તાઅઝીમો તકરીમ કરજો. ૨) તમેં બેસેલા હોવ અને વાલેદૈનને આવતા જોવ તો તમેં ઊભા થઈ જાજો. ૩) તમને કોઈ કામસર બોલાવે તો ફૌરન એમની નિદાનો જવાબ આપજો. ૪) તમેં એમના રૂબરૂ થાવ તો નઝરને નીચી રાખજો, ઘૂરી-ઘૂરીને ના જોજો. ૫) તમેં એમના સાથે બદકલામી-બદસુલૂકી ના કરજો, ગુસ્સે ના થાજો. ૬) ભલે નાની જેવી વાત હોય, તમેં એમની અઝમતનો ખયાલ રાખજો. ૭) કોઈ ભારી અમર પૈશ આવે તો પણ એમના ઉપર રહેમ અને નઝરે કરમ રાખીને એમના સાથે નમનતાઈ અને આજિઝીથી પૈશ આવજો. ૮) જે વક્ત રોશની હોય અને ચાલવામાં આસાની હોય અને વાલેદૈન સાથે-સાથે ચાલતા હોય તો તમેં એમના કરતા આગલ ના વધી જાજો. ૯) એવો મંઝર પૈશ આવે કે, રસ્તામાં અંધારૂં હોય અને પડી જાવાનો ખૌફ હોય તો તમેં વાલેદૈનને આગલ ચાલજો, શાયદ કે રસ્તામાં કોઈ તકલીફ નડે તો તમને તેનો સદમો પહોંચે અને તમારા વાલેદૈન તેનાથી બચી જાય. ૧૦) વાલેદૈનની ઝરા પણ મુખાલેફત ના કરજો. કોઈ ચીઝનો એ હુકમ કરે અને તમને તે ભારી લાગે તો થોડી વાર પછી ધીમેથી સમઝાવીને એમને ઈલ્તેજા કરજો. ૧૧) વાલેદૈન ઝઈફ હોય તો એમનાથી એમની તબીઅતના સબબ કંટાલીને, બદકલામી કરીને એમને ના ધમકાવજો. ૧૨) એમની ઝિંદગીના આખિરી અય્યામ યાઅની (બકીયાહ પેજ નં. ૧૧ પર)

મુમિનનો ખૈર અમલ, ખુદાની આયત છે.

(પેજ નં. ૧૦ નું બાકી)
બુઝુર્ગીમાં તમેં એમના સાથે મોહબ્બત રાખીને એમની ઉમ્રદરાઝીની દોઆ કરજો, સેહતના ખ્વાહિશમંદ રહેજો અને અદબ સાથે પૈશ આવજો. કેમકે, **તમેં યાદ રાખજો કે આજે તમેં જવાન છો અને કાલ પડશે તો તમને પણ ઝઈફીની મંઝિલ પર પહોંચવાનું છે.**

**-::: કિસ્સો :::-**

**વાલેદહ-માઁ નો એહતેરામ વાજિબ છે, તેમના કદમોના નીચે જન્નત છે.**

બની ઈસ્રાઈલની કૌમમાં એક ઈબાદતગુઝાર, ખૌફે ખુદા રાખનાર, પોતાની ઝિંદગીને ઈમાનો યકીનથી સઁવારનાર નૌજવાન હતો. તે પોતાની માઁ સાહેબાનો ખૂબ એહતેરામ કરતો, ઈઝ્ઝતો અદબ રાખતો. એક દિન ફજ્રે ઈબાદતથી ફારિગ થઈ થોડો આરામ કરવા બિસ્તર પર ગયો કે, દરવાઝા પર દસ્તક આવી. દરવાઝો ખોલો તો જાયું કે, તેના બે અઝીઝ દોસ્તો મહેમાન બનીને તેના ઘર પર આવા છે. મહેમાન તો મહેમાન હોય છે. દોસ્તોએ કહ્યું કે, "હમેં રાતના ઘરેથી નિકલા છે, તમારા ઈલાકાથી ગુઝરવાનું થયું તો સોચું કે, થોડો વક્ત તમારા સાથે પણ ગુઝારી લઈએ."

તે જવાન, દોસ્તોના આવવાથી ખૂબ ખુશ થયો. આ હંગામમાં તેની માઁ સાહેબા આરામમાં હતી, ગહેરી નિંદમાં હતી. જવાનને થયું કે, દોસ્તો સફર પર નિકલેલા છે, તો લાવ! તેમના વાસ્તે જમવાનો કોઈ બંદોબસ્ત કરૂં. પણ જે વક્ત તેં વાસણો તપાસા તો કોઈ જમન તૈયાર ના મિલું. તેના માઁ સાહેબા જે સંદૂકમાં જમવાનો સામાન રાખતા હતા તેને પણ તાલું હતું. તેને યાદ આવું કે, આ સંદૂકની ચાવી તો માઁ હમેશા પોતાના તકીયાના નીચે મુકીને સુઈ જાય છે. તે જવાન પાછો માઁના નઝદીક ગયો અને જોયું કે, માઁ સુઈ રહ્યા છે. તે જવાને મુનાસિબ ના સમઝું કે, **માઁની નિંદમાં ખલલ પાડે અને આરામમાં કોઈ તકલીફ થાય.** માઁના ઉઠવાના ઈન્તેઝારમાં બપોર થઈ ગઈ. તેના દોસ્તો પણ રાતના થકાણના સબબ ત્રણ-ચાર કલાક સુઈ રહ્યા.

ખુદાના ખૌફના ખાતિર, માઁ સાહેબાની ખિદમતમાં તે કલાકો તક ઊભો રહ્યો કે, માઁ કિવારે ઉઠે અને તેમના સરના નીચેથી ચાવી લઈને જમવાનું તૈયાર કરે. તેની હિમ્મત ના થઈ કે માઁને ઉઠાડે અને ચાવી માંગે. આખિરકાર, તેં પોતાની પાઘડી ઉતારી, બાઝારમાં ગયો, પાઘડી વહેંચી અને જે કઈ પૈસા આવા તેનાથી જમન લઈને ઘરે આવો. દોસ્તોએ પૂછું કે, ભાઈ! તું આટલા વકતથી કયાં હતો? તારી માઁ તુંને પુકારતી હતી. દોસ્તોએ પેટ ભરીને ઈત્મિનાનથી જમન જમું અને આખિર દોઆ દઈને સફર પર આગલ વધા. માઁએ દરયાફત કીધું કે, દીકરા! **આ જમન તું ક્યાંથી લાવો?** જવાને દોસ્તોના આવવાનો તમામ માજરો બયાન કીધો. માઁની આઁખોં માંથી આઁસૂ ટપકવા લાગા. દીકરાની ખિદમત અને અદબ જોઈને માઁએ જવાનની પૈશાની ચુમી લીધી. તેના હક્કમાં ખૂબ ભલી દોઆઓ કીધી.

આ હોય છે ખૌફે ખુદાની અને ખિદમતે વાલેદૈનની ઈન્તેહા. ખુદાતઆલા તમામ વાલેદૈનને ખિદમતગુઝાર, ઈબાદત ગુઝાર અને નૈકોકાર ઔલાદ અતા કરે. રસૂલેખુદા (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **ઝરૂર! ખૌફે ખુદા, તમામ હિકમતોની જડ છે.** ખિદમતે વાલેદૈન, શરીઅતના તમામ અરકાનના ડાલાઓનું થડ છે. જો આ થડ અને જડ મઝબૂત હશે તો બેશક મુમિનની બેવે ઝિંદગી, દુનિયાવી અને ઉખરવી ઝિંદગી સરસબ્ઝ, શાદાબ અને ઈલ્મો અમલના ફલ-ફૂલથી ઝીનતદાર બનીને રહેશે. ☆

**અલ્લાહતઆલાએ ઈન્સાનની અક્લને તેની ઈબાદતની સહી સમઝ અને માઅરેફત વાસ્તે પૈદા કીધેલી છે. આ ઈબાદતની એક હદ એવી આવશે કે, તે ઈન્સાન પોતાના રબને સમઝી જાશે.**

**શરીઅતનો હર રૂક્ન, ખુદાની આયતો માંથી છે.**

## મોહંમદી એજાઝ

સૈયેદુશ્શોહદા મૌ. ઈમામ હુસૈન બિન મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, મદીનામાં એક યહૂદી મારા બાવાજી સાહેબ મૌલા અલીની મુલાકાત કરવા આવો. કહ્યું કે, અય મોહંમદની ઉમ્મતના સાહેબ, તમેં તો તમારા નબીને ખુબ કરીબ છો અને નબીના બધા જ ઊમૂર-મુઆમેલાતથી વાકિફ છો. હમેં હમારા નબીના દરજાની માઅરેફત રાખીએ છીએ. તમારા નઝદીક પણ તમારા નબીની ફઝીલત હોવી જોઈએ. હમારા મિસિલ તમેં પણ તમારા નબીની શાન અને અઝમત ગિનતા હશો. તો અય સાહેબ! મારા દિલમાં ચંદ સવાલો છે. શું તમેં તમારા દીન અને તમારા નબીની હક્કાનીયત સાબિત કરવા તેના જવાબો આપશો? આપે ફરમાવું કે, "કેમ નહીં! અય ભાઈ! ખુદાએ જે ફઝલો શરફ બીજા અંબિયાને આપો છે તેના કરતા ઝિયાદહ શરફ હમારા નબીને બખ્શો છે. હું ઝરૂર તારા દિલને તે શરફથી મુનવ્વર કરીશ."

યહૂદી બોલો કે, ખુદાએ મૌ. આદમ (અ.સ.) વાસ્તે ફરિશ્તાઓને અમર કીધો કે, સજદો કરે. ફરિશ્તાઓએ હુકમે ઈલાહી મુજબ અમલ કીધો. તમારા નબી તો આદમ કરતા વધીને છે, એમ તમેં કહો છો. આદમના સજદા મુજબ તમારા ખુદાએ તમારા નબી મોહંમદ વાસ્તે શું હુકમ કીધો છે? આપ મૌલાએ ફરમાવું કે, આદમ નબી વાસ્તે ફરિશ્તાઓએ સજદો કીધો તે એ માઅનાથી નથી કીધો કે, ખુદાને મુકીને આદમ વાસ્તે ફરિશ્તાઓએ બંદગી કીધી, **પણ તે સજદાની માઅના તાઅતની છે, હુકમને ઉચકવાની છે, અમરે ઈલાહી મુજબ ચાલવાની છે, ખુદની ઝાતને મકામના સાહેબને સોંપવાની છે અને નબીના દરજાની માઅરેફત કરવાની છે.**

"અય ભાઈ! હમારા નબી મોહંમદને ખુદાએ આના કરતા અફઝલ ચીઝ શું આપી છે કે, ખુદા અને ખુદાના ફરિશ્તાઓ હમારા નબી મોહંમદુલ મુસ્તફા ઉપર સલવાતો સલામ પઢે છે. આ સાથે મુમેનીન-મુખ્લેસીનને પણ અમર કીધો કે, સઘલા નબી સાહેબ પર સલવાત પઢે. આ સલવાત પઢવું એવો મુબારક અમલ છે કે, જેનાથી બંદાઓની ઈબાદત, સજદા અને દોઆઓ ખુદાના નઝદીક કુબૂલ થાય છે."

યહૂદી બોલો કે, અય સાહેબ! આદમ નબી કેટલા નસીબદાર કે, તેમની ખતા બાદ ખુદાએ તેમના વાસ્તે તૌબાનો તોહફો અતા કીધો. તેમના ગુનાહને મુઆફ કીધા. આપ મૌલા આ અરઝના જવાબમાં ફરમાવે છે કે, હમારા નબી મોહંમદુલ મુસ્તફાની શાનમાં ખુદાએ બગૈર કોઈ ગુનાહ કુરઆને કરીમમાં સૂરતુલ ફત્હના ઈબ્તેદામાં એવી આયતે જલીલહ નાઝિલ ફરમાવી કે, **અય રસૂલ! ખુદાતઆલા તમારા આગલા અને પાછલા તમામે તમામ ગુનાહોની મગફેરત અતા કરશે, મુઆફ કરી દેશે.** આ ગુનાહો કઈ નબી સાહેબના નથી પણ આલે મોહંમદથી મોહબ્બત કરનાર શીઆઓના છે કે, જેને મુઆફ કરવાની ઝમાનત ખુદા હમારા નબીના સબબ આપે છે. ખુદાએ આદમ નબી પર તૌબાની જે અતા કીધી તેના કરતા આ વધીને છે.

યહૂદીએ કહ્યું કે, અય સાહેબ! તમેં બજા ફરમાવો છો. હવે હું તમને એ પૂછવા માંગું છું કે, ખુદાએ ઈદરીસ નબીને આસ્માન પર તરક્કી બખ્શી, ઊંચા કરીને અફલાકની ગશ્ત કરાવી, તારાઓની સૈર કરાવી. આ સિલસિલામાં તમેં તમારા નબી વાસ્તે શું શરફ બતાવી શકો છો? આપ મૌલા ફરમાવે છે કે, ખુદા હમારા નબીની શાનમાં સૂરતુલ ઈન્શરહમાં ફરમાવે છે કે, અય મોહંમદ! હમેં તમારી ઝિક્રને ઘણી જ બલંદ કીધી છે. આ ઝિક્ર એવી છે કે, જેમાં તમામ અંબિયાની ઝિક્ર આવી જાય છે. ઈદરીસ નબી તો એક વાર આસ્માન પર ચઢા હતા, પણ **હમારા નબીને તો સેંકડો મરતબા મેઅરાજ હાસિલ થઈ છે.** આના સબબ હમારા નબી મોહંમદની ઝિક્ર આસ્માન-ઝમીનમાં કેયામત તક ઝિંદા રહેશે. હમેં અને હમારી આલ તે ઝિક્રના સાહેબો છીએ.

યહૂદીએ અરઝ કીધી કે, ખૈર! હું તમારી આ વાતને કુબૂલ કરૂં છું. હમારા નઝદીક નૂહ નબીની ખૂબ ઈઝ્ઝતો

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**મોહંમદ અને આલે મોહંમદ (સ.અ.) પર સલવાત, ખુદાની આયત છે.**

## મરસીયા વફાતે
## મૌ. ફાતેમતુઝ્ઝહેરા (અ.સ.)

૧) પયગમ્બરે ખુદા કી જો મસ્નદ હુઈ ખાલી,
તબ ફાતેમા ચિલ્લાઈ જહાઁ હો ગયા ખાલી,
સામાન રંઢાપે કા હુવા કૈસે બહાલી,
કૈસી હે યતીમી કે સિતમ કી ઘડી આઈ,
સામાને તાઅઝીયત હે, મોહંમદ કી આલ મેં,
ઝહરા યતીમ હો ગઈ, અઠ્ઠારા સાલ મેં.
૨) અય હમ-નશીનોં યાઁ સે સુનો ગમ કા અબ બયાઁ,
ઘર સે હુવા જનાઝા પયમ્બર કા જબ રવાઁ,
બેઠી કી બેઠી રહ ગઈ મખ્દૂમએ જહાઁ,
એક હફતા રાત-દિન રહી હુજરે કે દરમિયાઁ,
જિસ વક્ત નિકલી હુજરે સે બેટી રસૂલ કી,
પહેચાની બીબીયોં ને ના સૂરત બતૂલ કી.
૩) ફિઝ્ઝા બયાન કરતી હે ઉસ વક્ત કા યે હાલ,
ગિરયાઓ ગમ સે જિસ્મ હુવા સૂરતે હિલાલ,
માતમ કે નિશાઁ સીને પે રોને સે આઁખ લાલ,
મૂઁહ ઝર્દ, હોંઠ ખુશ્ક, પરેશાઁ થે સર કે બાલ,
રોતી ચલી બતૂલ, મઝારે રસૂલ પર,
કહેતી થી અય કરીમ, રહેમ કર બતૂલ પર.
૪) નિકલેં ઘરોં સે અહલે મદીના યે જાનકર,
કોઈ સંભાલે દિલ કોઈ થામે હુવે જિગર,
રોતેં થે સબ કે સબ વહાઁ ઝહરા કે હાલ પર,
કહેતેં થે એક-એક સે સર પીટ પીટ કર,
કૌન અબ બુઝુર્ગ હે જો સંભાલે બતૂલ કો,
યા રબ ગમે પિદર સે બચાલે બતૂલ કો.
૫) રસ્તે કે લોગ, ફિઝ્ઝાને બઢકર હટા દીયે,
હમસાઈયોં ને ગુરફે કે પરદે ગિરા દીયે,
મરદોં કે મૂઁહ પે દોડ કે દામન ઉઠા દીયે,
સબ ને ચિરાગ અપને ઘરોં કે બુઝા દીયે,
ગુલ થા કે સબ કે દિલ કો હિલાતી હે ફાતેમા,
હે હે નબી કી કબ્ર પે જાતી હે ફાતેમા.
૬) ચિલ્લાઈ આહ વા અબતા યા મોહંમદા,
શાહોં કે શાહ વા અબતા યા મોહંમદા,
નૂરે ઈલાહ વા અબતા યા મોહંમદા,
દીં કી પનાહ વા અબતા યા મોહંમદા,
બાબા બતૂલ આઈ હે તસ્લીમ કે લીયે,
ઉઠતે નહીં મઝાર સે તાઅઝીમ કે લીયે.
૭) ક્યા સો રહે હો કબ્ર મેં તન્હા જવાબ દો,
ચિલ્લા રહી હે આપકી ઝહરા જવાબ દો,
બાબા જવાબ દો મેરે આકા જવાબ દો,
દિલ માનતા નહીં મૈં કરૂં કયા જવાબ દો,
બોલો મૈં સદકે જાઉં બહુત દિલ-મલૂલ હું,
બાબા બતૂલ હું મૈં તુમ્હારી બતૂલ હું.
૮) રૂખ્સત હુઈ મઝાર સે વો નૌહાગર ચલી,
સર કો ઝુકા કે આલમે હૈરત મેં ઘર ચલી,
થી દિલ સે ગુફતગૂ કિધર આઈ કિધર ચલી,
કિસકી બનાઈ કબ્ર કહાઁ બેખબર ચલી,
કહેતી થી મેરા ચાહનેવાલા નહીં રહા,
અબ ફાતેમા કા પૂછનેવાલા નહીં રહા.
૯) નાગાહ આયા ફાતેમા કા વક્તે ઈન્તેકાલ,
મસ્જિદ મેં મુરતઝા ગયે મહઝૂનો ખસ્તા હાલ,
હુજરે મેં બાપ કે ગઈ ખાતૂને ખુશ ખિસાલ,
અસ્મા સે બોલી મઝહરે અસ્માએ ઝૂલ જલાલ,
કાફૂરે ખુલ્દ ફાતેમા ઝહરા કે પાસ લા,
પાની હમારે ગુસ્લ કો લા ઔર લિબાસ લા.
૧૦) યે કહે કે કિયા બંદ દરે હુજરએ અત્હર,
સબ ખિરદો કલા આનકે રોને લગે બાહર,
આવાઝ સુની કલેમએ તૈયેબ કી બરાબર,
ફિર કુછ ન સદા આઈ કહા સબ ને યે રો કર,
માતમ કરો કે બિન્તે પયમ્બર ગુઝર ગઈ,
લોગો હસન-હુસૈન કી માદર ગુઝર ગઈ.
૧૧) ફિઝ્ઝા ને કિયે બૈન અભી પીટો ન લોગો,
જો તંગ થે રોને સે યે ઉન લોગોં સે કહે દો,
અબ રાતોં કો આરામ સે નીંદ આયેગી તુમકો,
દુનિયા સે ગઈ રોતી થી હર આન જો ખુશખૂ,
રાતોં કો રોને પીટનેવાલી ગુઝર ગઈ,
અબ સોના ચૈન સે કે બતૂલ આજ મર ગઈ.
૧૨) સર સે જો ઉઠા અહમદે મુખ્તાર કા સાયા,
ખાને કો ખિલાને કો કભી કોઈ ન આયા,
અઠ્ઠારા બરસ મેં કભી આરામ ન પાયા,
દિલ ખોલ કે બાદ અહમદે મુરસલ કે સતાયા,
(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**વરસાદ, વિજલી અને વાદલો, ખુદાની આયતો છે.**

(પેજ નં. ૧૨ નું બાકી)

એહતેરામ છે. તે એ વાસ્તે કે, ખુદાની રઝામંદી વાસ્તે નૂહ નબીએ પોતાની જ કૌમની ઈઝારસાની પર સબર કીધો, તો તમેં તમારા નબી વાસ્તે આ બાબત શું કહો છો? આપ મૌલા ફરમાવે છે કે, અય ભાઈ! શું તુંને ખબર છે કે, નૂહ નબીની કિશ્તી તે મોહંમદ અને આલે મોહંમદની મોહબ્બત મુજબ છે. કિશ્તીને દરિયામાં સાચવવી જેમ મુશ્કિલ છે તેમ દુનિયામાં હમારા નબીની મોહબ્બતને સાચવવાનો મુઆમેલો છે. હમારા નબી વાસ્તે હર દિન ઈમ્તેહાનનો દિન હતો. આપે ખુદાની રાહમાં સબર કીધો. આપના જ રિશ્તેદારોએ આપને બેહદ તકલીફો ઈઝા આપી. આપના ઉપર નજાસત નાખી, પત્થરો-કાંકરા ફેંકા, રસ્તામાં કાંટા બિછાવા, ખાડો ખોદો, યહાઁ તક કે, અબૂ લહબે (લા.અ.) એક બકરીના આંતરડાને કાપીને નબી સાહેબ પર નાખવાની કોશિશ કીધી.

ખુદાએ જે વક્ત અબૂ લહબના આ બદ ઈરાદા તરફ નઝર કીધી તે વક્ત પહાડોના તાકતવર ફરિશ્તા હાબીલ પર વહ્ય કીધી અને અમર કીધો કે, “તમેં પહાડોને ચલાવો અને અબૂ લહબનો રસ્તો રોકી દો. પછી તમેં મારા નબી, મારા હબીબ મોહંમદ (સ.અ.) તરફ જાવ અને તે જે કઈ તમને હુકમ કરે, તે તમેં સમઅન-વ-તાઅતન હાથ જોડીને બજા લાવો.” આ અમરે ઈલાહી મુજબ હાબીલ નબી સાહેબ નઝદીક આવા અને કહ્યું કે, “સલામ છે તે નબી પર કે, જેની રહમત આ ખલ્કના તમામ ઝર્રાઓ ઉપર છે. ખુદાએ મને હુકમ કીધો છે કે, હું આપની મુલાકાત કરૂં અને આપ જે કઈ ખિદમત મને સિપુર્દ કરો તે બજા લાઉં. કાફેરીનને તેના ફિત્ના-ફસાદનો મઝા ચખાવવા હું આપના હુકમનો મુન્તઝિર છું. આપ જો મને કહો કે, આ અઝીમ મોટા પહાડોને આપના દુશ્મનો પર નાખું તો હું એમ જ કરૂં અને તમામે તમામને તેના પત્થરો નીચે કુચલીને હલાક કરી દઉં. નબી સાહેબે ફરમાવું કે, “અય મારા અઝીઝ દોસ્ત! તમારી ખિદમત વાસ્તે હું શુક્રગુઝાર છું, પણ ખુદાએ મને ઉમ્મત વાસ્તે રહમત બનાવીને મોકલો છે, આફત બનાવીને નહીં. મારા રબ તરફથી હું મારી ઉમ્મતને હિદાયત દેતો રહીશ અને રાહે હક્ક બતાવતો રહીશ. **જે આ હિદાયત અને રાહ પર ચાલશે તેને ખૈર મિલશે અને જે નહીં ચાલે તેનો અંજામ ખુદ તેઓ ભુગતશે.** તમેં તેઓને તેમના હાલ પર છોડી દો.”

યહૂદીએ કહ્યું કે, તમારૂં ઈલ્મ બેનઝીર છે. ખુદા તમારા ઉપર રહમત કરજો. ખુદાએ નૂહ નબીની ફરિયાદ સાંભલી અને આસ્માનથી વરસાદ નાઝિલ કીધો અને તે એવો ઝોરદાર હતો કે, પૂરી ઝમીન પાની બની ગઈ. તે વાસ્તે તમારી શું રાય છે? આપે ફરમાવું કે, અય ભાઈ! તું ઝરા સોચ અને ફરક કર કે, બેવે નબીની દોઆ કઈ તરહ અલગ હતી ! નૂહ નબીએ દોઆ કીધી તે ગુસ્સા અને નારાઝગીથી દોઆ કીધી અને જે વરસાદ વરસો તેનાથી ફાયદો ના થયો પણ અઝાબના સબબ એક ખલ્કે અઝીમ-મોટી આબાદી હલાક થઈ ગઈ. તે રહમતનો વરસાદ ન હતો પણ આફતનું તૂફાન હતું.

આ ઝિક્ર થઈ દોઆએ નૂહની. હવે અય યહૂદી, તું ઝિક્ર સાંભલ હમારા નબીએ અકરમની. નબી સાહેબ જે વક્ત મક્કાથી મદીના હિજરત કરીને પધારા તે વક્ત મદીનાના લોગોએ જુમ્આના દિન નમાઝ પઢીને આપને અરઝ કીધી કે, “અય રસૂલુલ્લાહ, ઘણા વક્તથી મદીનામાં બારિશ બિલકુલ બંધ છે. ખજૂરીની વાડીઓ સુખી થઈ ગઈ છે. **દરખ્તો ઝર્દ-પીલા પડી ગયા છે. આના સબબ ઝમીન પરથી રોનક ઉઠી ગઈ છે.**” આ ફરિયાદ સાંભલીને આપ ફિકરમંદ થઈ ગયા, ખુદાની કુદરત અને હિકમત તરફ નઝર કરવા લાગા. આપે એક ગહેરી આહ ભરી અને આસ્માન તરફ બેવે હાથને ઊંચા કીધા, યહાઁ તક કે આપના બગલની સફેદી નઝર આવવા લાગી. આપે ખૂબ દર્દમંદાના અલ્ફાઝમાં બારગાહે રબ્બાનીમાં દોઆ ગુઝારી. મસ્જિદે નબવીના બાહર આજે આ જગા પર મસ્જિદે ગમામહ મૌજૂદ છે. આપનું દોઆ કરવું શું કે, ખુદાએ તે જ વક્ત વાદલોના એક અઝીમ ટોલાને મદીના પર મોકલીને વરસાદ વરસાવો. એ હદ તક વરસાદ વરસો કે, એક અઠવાડીયા તક રહમતે ખુદાવંદી ચાલુ રહી.

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**હર નબીના કૌલ, ખુદાની આયત છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

હર હાલ ઈસી રંજો મહેન મેં રહી લોગો,
બીબી ને અઝીયત પે અઝીયત સહી લોગો.
૧૩) ઝયનબ સિરાહને બેઠ કે કરને લગી બુકા,
હે હે મૈં ક્યા કરૂં મેરી અમ્મા કો ક્યા હુવા,
ઝુક ઝુક કે ઈઝતેરાબ સે દેતી થી યે સદા,
લી મુઝસે મરતે દમ ભી ન ખિદમત યે ક્યા કિયા,
ક્યા જાને રૂહ, જિસ્મ સે ક્યૂં કર નિકલ ગઈ,
અમ્મા તુમ્હારે ચહેરે કી રંગત બદલ ગઈ.
૧૪) મૈં દૂધ બખ્શવાને ન પાઈ કે મર ગયે,
શરબત બનાકે લાને ન પાઈ કે મર ગયે,
કુછ હાલે દિલ સુનાને ન પાઈ કે મર ગયે,
મૈં બેનસીબ આને ન પાઈ કે મર ગયે,
ઈસ દુખ્તરે બેઆબ કો કોઈ ખિતાબ દો,
અમ્મા જવાબ દો મેરી અમ્મા જવાબ દો.
૧૫) મૂંહ રખ કે બોલી મુરદે પે અમ્મા બિછડ ગઈ,
અમ્મા કિધર ગઈ મેરી અમ્મા કિધર ગઈ,
બચ્ચોં કો અપને બેકસો બેયાર કર ગઈ,
હમકો યતીમ કર ગઈ અચ્છા ન કર ગઈ,
છાતી કલક સે દેખનેવાલોં કી ફટ ગઈ,
લેકર બલાએં મુરદે સે ઝયનબ લિપટ ગઈ.
૧૬) માથા હસન ને મુરદે કે માથે પે રખ દીયા,
રો રો કે અમ્મા-અમ્મા કહા ઔર ગશ હુવા,
તલવોં સે અપને માથે કો શબ્બીર ને મલા,
પાઊં મેં દમ ન પાયા તો યે કાન મેં કહા,
મૈં આપકા ગુલામ હું ઔર નૂરે ઐન હું,
આવાઝ દો હુસૈન હું અમ્મા હુસૈન હું.
૧૭) અય અહમદે મુખ્તાર કી બેટી હો અલ-વદાઅ,
અય ફાતેમા દુઃખ-દર્દ કી મારી હો અલ-વદાઅ,
અય ઉમ્મતે રસૂલ કી પ્યારી હો અલ-વદાઅ,
દુનિયા મેં હમ તો રહ ગયે તુમ કો હો અલ-વદાઅ,
હમકો તડપતા છોડ કે અમ્મા કિધર ગઈ,
દિન-રાત ચક્કી પીસનેવાલી ગુઝર ગઈ.

**કિસી કો નબી કી રિસાલત મેં શક હૈ,**
**કિસી કો અલી કી વસાયત મેં શક હૈ,**
**અલી કી વસાયત પે શક કરનેવાલોં,**
**હમેં તો તુમ્હારી વિલાદત મેં શક હૈ.**

## તિજારત

**Classic Photo Studio**

Digital Passport Photo, Lamination, Visitor Visa Photo, Wedding, Family & Group Photography, Photos from Mobile, CD's, Pendrive & Other Media.
**ZEROX & LAMINATION AVAILABLE**
*NEWLY STARTED*

**Classic Arts**

Printing on Caps, T-Shirts, Mugs, Pillow Covers, Plates, Key Chains, Other Gift Articles & ID Cards.
***WHOLESALE & RETAIL***
**Shop No.3, Uvez Chamber, Nr. Sulemani Bank, Gendigate Road, Vadodara - 390017.**
**M.: 9904470498 / 9558649972** ☆

**યા અલી મદદ**
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

**સ્ટાર લાઈટ ટ્રેડર્સ**
**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**
દુકાન નં.૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ, ચોખંડી ચાર રસ્તા, વડોદરા.
**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫** ☆

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬**

**ભલી વાત કહેશો તો ઝરૂર તમને ફાયદો થાશે અને બુરી વાત કરવાથી ચુપ રહેશો તો ઝરૂર તમેં ઝબાનની મુસીબતથી દૂર રહેશો.** ☆

**મસ્જિદ, મહેરાબ અને મિમ્બર, ખુદાની આયતો છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

આ વરસાદનો પયમાનો એ મુજબ હતો કે, જે વક્ત બીજી જુમ્આનો દિન આવો તો આપના નઝદીક તે જ લોગો પાછા આવા કે, જેઓએ વરસાદ ના પડવાની શિકાયત કીધી હતી. આપને કહેવા લાગા કે, “અય નબીયલ્લાહ, આપની દોઆથી બારિશ બેહદ વરસો છે. હમારા મકાનોની દીવારો પડી ગઈ છે. હમેં મુસાફિરી પર જઈ શકતા નથી. ચારે તરફ પાની જ પાની છે. **આ વરસાદના સબબ હમેં ખૂબ પરેશાન થઈ ગયા છે.**” નબી સાહેબ આ ફરિયાદ સાંભલીને મુસ્કુરાયા. આપે ફરમાવું કે, “પહેલે વરસાદ ના પડવાની શિકાયત અને હવે વરસાદ રૂકે તેની ફરિયાદ, **આ છે ઈન્સાનની લાચારી.**” આપે દોઆ ફરમાવી કે, “અય રબ્બલ આલમીન! હું તારી બારગાહમાં ઈલ્તેજા કરૂં છું કે, આ વરસાદની રહમત મદીનાના ચોતરફ જ્યાં તારા બંદાઓના ખેતરો છે, ખુલ્લી ઝમીનો છે ત્યાં વરસે જેથી તેની બરકતથી તેમાં સબ્ઝી અને અનાજ ઉગે. શહેરમાં તે હમારા ઉપર એ મુજબ ના વરસે કે હમેં લાચાર થઈ જઈએ અને હમારા મકાનો-સામાનને નુકસાન પહોંચે.” આપની દોઆ ફૌરન કુબૂલ થઈ અને આપની કરામત ખાતિર વરસાદના લીધે તે બાદ મદીનામાં કોઈ એવી બિના નથી બની કે, મદીનાવાલાઓને કોઈ તકલીફ પહોંચી હોય.

યહૂદીએ મૌલા અલી (અ.સ.) ના જે વક્ત આ કલામ સાંભલા તો તેં એતેરાફ કીધો કે, હક્કના નબી તે મોહંમદુલ મુસ્તફા (સ.અ.) છે અને આપનું દીન જ કામિલ છે, મઝબૂત છે અને સાચું છે. તે યહૂદી પરચમે ઈસ્લામમાં દાખિલ થઈ ગયો. ✫

## કુરઆન

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં તમારી આવાઝો ને કુરઆનના પઢવાથી ઝીનત બખ્શો. કુરઆનની તરન્નુમ સાથે કિરાત અલ્લાહને બહુ પસંદ છે. કુરઆનની તાઅલીમ આપનાર શખ્સ ખૈરૂન્નાસ છે, તમામ ઈન્સાનોમાં બેહતર છે અને તે મારી આલ અને એના માનનારા મુમેનીન છે. જો મોઅલ્લિમો ન હોતા તો લોગો ગુમ્રાહ થઈ જાતા. આવો ! કુરઆન પઢીએ. બચ્ચું જે વક્ત “**બિસ્મિલ્લાહ**” પઢે છે તો અલ્લાહ એના માઁ-બાપ અને એના મોઅલ્લિમને જહન્નમથી બરાત અને અઝાબથી અમાન-નામું લખી આપે છે. ✫

**અય ઈમાનદારો! તમેં કોટનનો લિબાસ પહેરો. રસૂલુલ્લાહ બાવાજીનો તે લિબાસ હતો. આપ આ લિબાસને બીજા કપડાઓ પર ફાઝિલ ગિનતા હતા. કોટનના લિબાસથી મુમિન માંથી તકબ્બુરી ચાલી જાય છે અને તેના જિસ્મમાં તાઝગી રહે છે.**

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન “ અસ-સહીફતુત તૈયેબીયાહ ” ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૦૦/-**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ០૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.